**નિર્મળ ગુજરાત ૨૦૦૭ સંદર્ભમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકાને તથા મુખ્ય અધિકારીને પુરસ્કાર આપવા બાબત.**

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નપઈ/૧૧૨૦૦૭/૧૧૩૦/આર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૩/૨/૨૦૦૭ 23 FEB ...

**ઠરાવ :-**

રાજ્ય સરકારે ચાલુ વર્ષ ૨૦૦૭ નિર્મળ ગુજરાત વર્ષ તરીકે જાહેર કરેલ છે. રાજ્યની નગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે તથા નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા તેમજ તેના આર્થિક તેમજ વહીવટી માળખાને સુદ્રઢ કરવા માટે નિર્મળ ગુજરાત યોજનાની કામગીરી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકાર દ્વારા નિર્મળ ગુજરાતની યોજનાના અમલમાં નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધાત્મક વાતાવરણ પુરૂ પાડવા માટે તેમજ કામગીરીમાં પ્રોત્સાહન અને વેગ મળી રહે તે માટે નિર્મળ ગુજરાત ૨૦૦૭ ની યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકાઓને રોકડ રકમ આપી પુરસ્કૃત કરવાનો નિર્ણય કરેલ છે.

૩. નિર્મળ ગુજરાત અંગેની કામગીરી આખા વર્ષ દરમ્યાન સતત ચાલતી રહે અને નગરપાલિકાઓનો ઉત્સાહ જળવાઈ રહે તે માટેના માપદંડ હવે પછી નક્કી કરવામાં આવશે અને જે નગરપાલિકાઓ સર્વોત્તમ સાબીત થાય તેવી નગરપાલિકાઓને નીચે મુજબના વાર્ષિક અને ત્રિમાસિક ઈનામો આપવાનું ઠરાવેલ છે.

**વાર્ષિક ઈનામી યોજના :**

| ક્રમ | નગરપાલિકાનો વર્ગ | સ્થાન | ઈનામની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧. | અ-વર્ગ અને બ-વર્ગની નગરપાલિકાઓ | પ્રથમ | ૧,૦૦,૦૦,૦૦૦/- |
| | | દ્વિતીય | ૫૦,૬૦,૦૦૦/- |
| ૨. | ક-વર્ગ અને ડ-વર્ગની નગરપાલિકાઓ | પ્રથમ | ૫૦,૦૦,૦૦૦/- |
| | | દ્વિતીય | ૨૫,૦૦,૦૦૦/- |
| | | કુલ.... | ૨,૨૫,૦૦,૦૦૦ |
| | **નગરપાલિકાના ચીફ ઓફિસરોને પુરસ્કાર** | | |
| ૧. | અ-વર્ગ અને બ-વર્ગની નગરપાલિકાઓ | પ્રથમ | ૨૧,૦૦૦/- |
| | | દ્વિતીય | ૧૧,૦૦૦/- |
| ૨. | ક-વર્ગ અને ડ-વર્ગની નગરપાલિકાઓ | પ્રથમ | ૨૧,૦૦૦/- |
| | | દ્વિતીય | ૧૧,૦૦૦/- |
| | | કુલ.... | ૬૪,૦૦૦/- |
| | | એકંદર કુલ.... | ૨,૨૫,૬૪,૦૦૦/- |

૪. મુખ્ય અધિકારીશ્રીને વાર્ષિક પુરસ્કાર આપવા માટે જે નગરપાલિકાએ નિર્મળ ગુજરાત-૨૦૦૭ ની વાર્ષિક ઈનામી યોજનામાં ઈનામ મેળવેલ હશે, તે જ નગરપાલિકાના મુખ્ય અધિકારી ઉપર મુજબ પ્રથમ કે દ્વિતિય ઈનામ મેળવવા હક્કદાર બનશે. મૂલ્યાંકન સમયગાળા દરમ્યાન એક કરતા વધારે મુખ્ય અધિકારીએ ફરજ બજાવેલ હશે તો તેમના કામગીરીના પ્રમાણસર ઈનામની રકમ આપવાની રહેશે.

૫. <u>ત્રિ-માસીક ઈનામી યોજના :-</u>

| ક્રમ | નગરપાલિકાનો વર્ગ | સ્થાન | ઈનામની રકમ રૂપિયા | વર્ષનો કુલ ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|
| | નગરપાલિકાઓને ઈનામ | | | |
| ૧. | અ-વર્ગ અને બ-વર્ગની નગરપાલિકાઓ | **પ્રથમ** | ૨૫,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦૦૦ |
| | | દ્વિતીય | ૧૫,૦૦,૦૦૦ | ૬૦,૦૦,૦૦૦ |
| | ક-વર્ગ અને ડ-વર્ગની નગરપાલિકાઓ | **પ્રથમ** | ૨૦,૦૦,૦૦૦ | ૮૦,૦૦,૦૦૦ |
| | | દ્વિતીય | ૧૦,૦૦,૦૦૦ | ૪૦,૦૦,૦૦૦ |
| | | કુલ.... | ૭૦,૦૦,૦૦૦ | ૨,૮૦,૦૦,૦૦૦ |

ત્રિમાસિક ઈનામી યોજના અન્વયે નીચે મુજબના મહિનાઓની કામગીરી ધ્યાને લેવાની રહેશે :-

| ક્રમ | મહિનાની કામગીરી ધ્યાને લેવાની રહેશે. | નગરપાલિકાએ તેમની દરખાસ્ત રજુ કરવાની છેલ્લી તારીખ | તે અન્વયેનું ઈનામ જાહેર કરવાની તારીખ |
|---|---|---|---|
| ૧) | ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ-૨૦૦૭ | ૫/૫/૨૦૦૭ | ૧૫ મે - ૨૦૦૭ |
| ૨) | મે-જુન-જુલાઈ - ૨૦૦૭ | ૫/૮/૨૦૦૭ | ૧૫ ઓગષ્ટ-૨૦૦૭ |
| ૩) | ઓગષ્ટ-સપ્ટે.-ઓક્ટોબર-૨૦૦૭ | ૫/૧૧/૨૦૦૭ | ૧૫ નવેમ્બર-૨૦૦૭ |
| ૪) | નવેમ્બર-ડીસેમ્બર-૨૦૦૭, જાન્યુઆરી-૨૦૦૮ | ૫/૨/૨૦૦૮ | ૧૫ ફેબ્રુઆરી-૨૦૦૮ |

૬. આ યોજના અંતર્ગત રાજયની તમામ નગરપાલિકાઓએ નિર્મળ ગુજરાતની કામગીરી અસરકારક રીતે પૂર્ણ કરવાની રહેશે અને ઈનામની રકમ જાહેર આરોગ્ય અને સ્વચ્છતા જાળવણીના હેતુ માટે વાપરવાની રહેશે.

૭. આ અંગેનું ખર્ચ નિર્મળ શહેરો યોજનામાંથી મેળવવાનું રહેશે.
ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના,

(સહી)
(એસ. ડી. ચૌધરી)
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રત,
- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેકટરશ્રી
- પ્રાદેશિક નગરપાલિકાના નિયામકશ્રી, રાજકોટ
- પ્રમુખશ્રી, નગરપાલિકા પરિષદ, કલેકટરશ્રીની કચેરી પાછળ, સેકટર-૧૧, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એકા. એન્ડ એન્ટા.) અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પ્રમુખશ્રી/મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકા.
- સર્વે શાખાઓ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ.